## ૪૭. શ્રી વલ્લભાખ્યાન અને મૂલ પુરૂષ

(બે બોલ)

અસારવામાં ભાઈલા કોઠારીને ત્યાં શ્રી ગુંસાઇજી બિરાજતા હતા. તે સમયે કોઠારીની પુત્રી ગોમતીના વર ગોપાલદાસ આવ્યા. તે જન્મથી જ મૂંગા હતા. તેમને જોઇ શ્રી ગુંસાઇજીએ પૂછયું ''આ કોણછે ?''

ભાઈલા કોઠારીએ દીનતાથી જવાબ આપ્યો, ''મહારાજ! આ ગોમતીનો વર છે.''

શ્રી ગુંસાઇજીએ હાસ્ય કરતાં કરતાં આજ્ઞા કરી, ''ગોમતીનો વર તો સાગર જોઇએ.'' કોઠારીજીએ ફરીથી નમ્રતાપૂર્વક વિનંતી કરી, ''રાજની કૃપાથી સાગર થશે.''

આવાં દીનતાનાં વાકયો સાંભળીને આપશ્રી પ્રસન્ન થયા અને ગોપાલદાસના મસ્તકે શ્રી હસ્ત ધરીને શ્રી મુખમાંથી ચર્વિત તાંબુલ તેમના મુખમાં પધરાવ્યું, મૂંગા ગોપાલદાસે તરત જ ગાવાનું શરૂ કર્યું : ''વંદુ શ્રી વિઠ્ઠલ વર સુંદર, નવ ઘન શ્યામ તમાલ;''

### શ્રી વલ્લભાખ્યાન પહેલું

(રાગ-કેદારો)

વંદું શ્રી વિઠ્ઠલ વર સુંદર, નવ ઘનશ્યામ તમાલ ;
જગતી તલ ઉદ્ધાર કરવા, પ્રગટયા પરમ દયાલ. ૧
શ્રી પુરૂષોત્તમ સ્વતંત્ર ક્રીડા, લીલા દ્વિજ - તનુ ધારી;
સાત દિવસ ગિરિવર કર ધાર્યો, વાસવ વૃષ્ટિ નિવારી. ૨

તે પ્રગટ્યાનું કારણ કહીએ, જો સુરતા મન આણો;
કરો કૃપા હું કરૂં વિનંતી, પોતાનો કરી જાણો. ૩
વ્યાપક રૂપ અદ્વૈત બ્રહ્મ જે, તેજો મય કહેવાય;
આર્ય પંથ અધિકારી મુનિ જન, તે માંહે લય થાય. ૪
અક્ષર આદિ અખંડ અનૂપમ, ઉપમા કહી ન જાય;
અસ્તિ-વસ્તુ સહુ કો મળી બોલે, નિગમ 'નેતિ-નેતિ' ગાય. ૫
નિગુર્ણનો નિર્દેશ અટપટો, રસના શી પેરે કહીએ ?
રૂપ, વર્ણ, વપુ, દૃષ્ટ પદારથ, ત્યાં એકો નવ લહીએ. ૬
તેહ થકી પુરૂષોત્તમ અગળા, લીલા અચલ વિહાર;
બ્રહ્મ જ્ઞાની ને મુક્તિ મારગી, સ્વપ્ને નહિ વ્યવહાર. ૭
જયાં શ્રી વૃંદાવન આદિ અચલ શશિ, શરદ રેન બહુ વેશ;
વન દેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ. ૮
જયાં સરિતા ચામીકર મણિગણ, ઉભય બદ્ધ સોપાન;
કમલ, કુમુદ, નાના અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન. ૯
કનક લતા, માલતી, મલ્લિકા વિવિધ કુસુમ મકરંદ;
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ. ૧૦
પદ્મરાગ મરકત મણિ, સ્ફાટિક, શ્રી ગોર્વધન સોહે;
બ્રહ્મા, રૂદ્ર ત્યાં કોણ બાપડા, શ્રી હરિનાં મન મોહે. ૧૧
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહિ પાર;
વિવિધ પ્રકારે જૂજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર. ૧૨
શ્યામા શત દલ નયન સુંદરી, જૂથ તણો નહી પાર;
અનેક રાસ મંડલ રચના રચી, ખેલે શ્રી નંદકુમાર. ૧૩

એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ, વાદ્ય, ઝંકાર;
અંગ-સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર. ૧૪
એ પ્રભુને મન ઇચ્છા ઉપની, યશ થાવા વિસ્તાર;
અધિકારી પાખે એ વાણી, નહિ કોને ઉચ્ચાર. ૧૫
ભ્રૂભંગેથી સૃષ્ટિ નીપની, અતિ સુંદર બ્રહ્માંડ;
ચૌદ લોક નાના વૈચિત્ર્યે, ભૂમંડલ નવ ખંડ. ૧૬
પર, પોતાની વ્યક્તિ કરેવા,સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર;
દૈવી-આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર. ૧૭
ભક્તિ સુંદરીને માયા દાસી, બે મૂરત પ્રગટાવી;
તેમાં પહેલી નખશિખ સુભગા, શ્રીહરિને મન ભાવી. ૧૮
કૃપા કટાક્ષે હુવા અક્ષરમાં, ઉપન્યા સત્ત્વ અનંત;
ભક્તિ લીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત ૧૯
બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન;
કર્મજડ આસુર અન્ય ઉપાસક, ભજન ધર્મથી હીન. ૨૦
એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગુણ, મિશ્રિત ચાલી જાય;
ભક્તિ મારગી જીવ સ્વતંત્ર, કેવલ ભક્ત ન થાય. ૨૧
શ્રી પુરૂષોત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શો કરીએ;
મારી સેવા અને કથા રસ, નિરૂપવા તનુ ધરીએ. ૨૨
ભક્ત જીવનાં ભાગ્ય વિસ્તર્યાં, ઇચ્છા કરી હરિ સાર;
તેણે હેતે આપો પેં પ્રગટ્યા, શ્રી વલ્લભ રાજકુમાર . ૨૩
પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણ-સુત, પુરૂષોત્તમ શ્રી વિઠ્ઠલનાથ;
શ્રી ગોકુલમાં પ્રગટ પધાર્યા, સ્વજન કીધાં સનાથ. ૨૪

# શ્રી વલ્લભાખ્યાન બીજું

(રાગ-રામકલી)

લક્ષ્મણસુત શ્રી વલ્લભ રાયજી,
સ્મરણ કરતાં દુષ્કૃત જાયજી;
કલિજન તરવા નહિ અવર ઉપાયજી,
યજ્ઞ પુરુષ હરિના શ્રુતિ ગુણ ગાયજી, ૧
ગાય શ્રુતિ ગુણ-રૂપ અહર્નિશ, ધરી ધ્યાન વિચાર;
આનંદરૂપ, અનૂપ, સુંદર, પામે નહિ કોઇ પાર. ૨
પ્રાણ પતિ પ્રગટચ કારણ, કાંઇક કહું મતિ મંદ;
હર, સુર, વિધાતા, નવ લહે, સાક્ષાત્ બ્રહ્માનંદ. ૩
શ્રી વૃંદાવન-ચંદ મુખ રુચિ, અગ્નિ તે અવતાર;
દ્વિજ તિલક ત્રિભુવન, નામ-નિરૂપમ, રૂપ અંગીકાર. ૪
દેવ લોક દુંદુભિ વાગિયાં, આનંદ કરે રે નિશંક;
અસુર તિમિર ઉચ્છેદવા, ભુવિ વલ્લભ દેવ મયંક. ૫
પૂર્ણ પુરુષ પ્રમાણ પંથા, વ્યાખ્યાતા વેદાંત;
ગ્રંથ સર્વે રસ રૂપ કીધા, પોતાને સિદ્ધાંત. ૬
રસિક રસના રસિક વાણી, જાણી નર નવ ખંડ;
ઊર્દ્ધ્વપંથા સુયશ પ્રસર્યો, વાધિયો બ્રહ્માંડ. ૭
એક બ્રહ્માંડે જેના જશ ન માયા, તેના હુવા કોટિ અનંત;
તોય ત્યાં થકી વાધિયો, જઇ વસ્યો મુખ ધીમંત. ૮
અતુલ અમલ ઉદ્યોત ઉદયો, ભૂતલ દ્વિજ માર્તંડ;
ભક્તિ મારગ-કેસરી, ગજ-માયિક-મત શત ખંડ. ૯
દિગ્વિજય દશ દિશાયે કીધો, પરિક્રમાને વ્યાજ;
તીર્થ સકલ સનાથ કીધાં, ચરણ રેણુ-સમાજ. ૧૦

પત્રાવલંબે પંડિત જીત્યા, માયિક-મત્ત-માતંગ;
શ્રી કૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેનાં રૂપ કોટિ અનંગ. ૧૧
સ્વમારગ સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ;
નામ આપ્યાં જીવને, શુભ મિષ્ટ મુખ-મકરંદ. ૧૨
અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પ્રવેશ;
કોમલ પદ જયાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશ. ૧૩
અંગ, બંગ, કલિંગ, કૈકટ, મગધ, મરુ, સૂર, સિંધ;
તે તામસનાં અઘ હર્યાં, પરતાપ પદ રજ - ગંધ. ૧૪
કનક સ્નાન શત મણ સુવર્ણે, કરાવ્યું મહિપાળ;
તે મુકી વેગે ચાલિયા, રાય દૃષ્ટિ ન પાછી વાળ. ૧૫
ત્યાંથી દક્ષિણ પાઉં ધારિયા, પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથ;
નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ. ૧૬
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કીધી શ્રી વલ્લભજી શું વાત;
અમને તે ઇચ્છા એહ છે જે, હું નંદન તમે તાત. ૧૭
તે પુરૂષોત્તમ પ્રગટશે, શ્રી વિઠ્ઠલ રૂપ - નિધાન;
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભક્તને સન્માન. ૧૮
ત્યાંથી વૃંદાવન પાઉં ધારિયા, જયાં મધુપ કરે ઝંકાર;
કુસુમ દ્રુમ નવ મલ્લિકા, મકરંદનો નહિ પાર. ૧૯
તરૂ તમાલ અતિ શોભતાં, હેમ જૂથિકા સંઘોડ;
લલના તે સુભગા લટકતાં, હીંડે તે મોડા મોડ. ૨૦
તાન ધુનિ, મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન;
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુ પાન. ૨૧

કુંજ સદન સોહામણાં, શોભા તણો નહિં પાર;
વિવિધ રાસ મંડલ રચના રચી, ખેલે શ્રીનંદ કુમાર. ૨૨
રંગે તે રમતા દીઠડા, બલદેવ શ્રી ગોવિંદ;
તે પુત્ર ભાવે પ્રગટશે, મન ઉપન્યો આનંદ. ૨૩
બલદેવ શ્રી ગોપીનાથ કહીએ, શ્રી વિઠ્ઠલ નંદાનંદ;
તે વેદ પંથ વિસ્તારશે, જન આપશે આનંદ. ૨૪
ત્યાંથી કેશી ઘાટ પાઉં ધારિયા, કહી કથા તત્ત્વ સમાધિ;
રસ પુંજ પુરૂષોત્તમ પ્રમાણ્યા, સરસ્વતી તજી આધિ. ૨૫
ગિરિરાજને આશ્વાસ દીધો, ધરી કોમળ ચરણ;
હરખે તે સામા આવિયા, શ્રી ગોવર્ધન ઉદ્ધરણ. ૨૬
હળી મળીને ચાલિયા, ચરણાટ જયાં નિજ ધામ;
નવરંગ નાગર પ્રગટિયા, મન પૂરવા બહુ કામ. ૨૭
તત્ત્વ સંખ્યાયે કહ્યાં પદ, સાર માંહે સાર;
હવે કાંઇ એક સ્તુતિ કરું, શ્રી વલ્લભરાજ કુમાર. ૨૮

## શ્રી વલ્લભાખ્યાન - ત્રીજું

(રાગ-ધનાશ્રી)

આ પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી,
અક્કાજી ઉર ઉપન્યો આનંદ;
આ ચંદ શ્રી વૃંદાવન તણો પ્રગટિયો. ૧
આ સૌભાગ્ય સુંદરી મળી ધવલ ગાયે,
સુહાયે રૂડા કંઠના નાદ;
આહ્લાદ ઉપન્યો તે અંગો અંગ ઘણો. ૨
આ સૂતિકા સદન સોહામણું, શોભા રૂડી લહેરડે જાય;
આ વાજિંત્ર વાજે તે સમે તણાં. ૩

આ સર્વસ્વ-દાન તેણે સમે, કરે રે શ્રી વલ્લભજી ઉદાર;
આ સુકુમાર સુત ઉદયો શ્રવણે સુણી. ૪
આ પાતાળે શેષ નાગ રીઝિયા, ઉપર ઇંદ્રાદિક દેવ;
આ તત ખેવ સુણી નિશાન વજડાવિયાં. ૫
આ સિદ્ધ ગંધર્વ ગુણી અપસરા, ઊલટિયાં નૃત્યને નાદ;
આહ્લાદ ભર્યાં શ્રી વલ્લભજીએ માનિયાં. ૬
આ બ્રહ્મા, મહાદેવ, મુનિ હરખિયા, વરખિયા કુસુમ સમૂહ;
આ મોહ ટાળ્યો જગતના જીવનો. ૭
આ નિગમ સામ તે શાખા સહસ્ત્રશું, કરે રે ભલા નિર્ઘોષ;
આ ઘોષ પતિ ભગવંત (ભગવદી) ભેટતાં. ૮
આ વેદ વિહિત કૃત્ય સર્વે કીધાં, દીધાં બહુ પેરે ગોદાન;
આ માનશું સ્વજન સંતોષિયાં. ૯
આ કનક કચોળાં કુમકુમ ભર્યાં, અક્ષત દુર્વા ભર્યા રે સુથાળ;
આ માળ પારિ જાતની મહમહે. ૧૦
આ તોરણ પર્ણ સહકારનાં, ધરણિયે ચંદન તણાં નીર;
આ વીર શ્રીગોપીનાથ, શ્રી વિઠ્ઠલ પ્રગટિયા. ૧૧
આ દધિ દૂધ ઘૃત મધુ માંડવે, શેરડીયે વહે રે સુગંધ;
આ સુગંધે મોહ્યા અલિ કુલ આવીયા. ૧૨
આ સૂત માગધ સાધુ સર્વે મળ્યા, માળિયા તે માંહો માંહે;
આ ઉત્સાહ ભર્યા કો' કોને જાણે નહીં. ૧૩
આ શુકદેવ સબળ આનંદિયા, વંદીયા શ્રી વલ્લભજીનાં ચરણ;
આ ગિરિધરણ શ્રી ભાગવત મારું નિરખશે. ૧૪
આ સકલ કલા કલિ કાલમાં, કલ્પ દ્રુમ પ્રગટિયો આજ;
આ કાજ મન વાંછિત પૂરવા. ૧૫

આ તૈલંગ તિલક ત્રિભુવન ઘણી, મણિ મરકત ઘનવાન;
આ સમાન રૂપ નિરખતાં કોઇ નહીં. ૧૬
આ ગણક ગર્ગાદિક આવિયા, ભાવિયા દિયે રે આશિષ;
આ જગદીશ શ્રી વલ્લભ ઘેર પ્રગટિયા. ૧૭
આ 'ધવલ ધનાશ્રી' ગાન જે કરે, ઉચ્ચરે શ્રી વિઠ્ઠલજી અવતાર;
આ સારસ્વત લીલા તે જન લહે. ૧૮
આ દાસનો દાસ જાય વારણે, બારણે રહ્યો રે ઉત્સવ જુવે;
આ કો' એક ભાગ્યવાન (ભગવદી) તે સમે. ૧૯

## શ્રી વલ્લભાખ્યાન -ચોથું

(રાગ-ભૂપ કલ્યાણ)

તે પદ વંદું શ્રી વલ્લભ નંદજી,
ત્રિભુવન મંગલ પરમાનંદજી;
સકલ જીવનો ટાળ્યો દ્વંદ્વજી,
જગમાં વ્યાપ્યો મુખ મકરંદજી, ૧

**ઢાળ**

સુખદ વંદું શ્રી વલ્લભ સુતનાં, પદામ્બુજ સુકુમાર;
નિગમ રહસ્ય વિચાર કીધો, સકલ જન નિસ્તાર. ૨
બ્રહ્મ કુલ હરિ અવતર્યા તે, ટાળવા ભૂમિ ભાર;
શ્રીનાથ વિઠ્ઠલ નામ નિરૂપમ, વૃંદાવન શૃંગાર. ૩
એક રસના કેમ કહું ગુણ, પ્રકટ વિવિધ પ્રકાર;
નિત્ય લીલા નિત્ય નૌતન, શ્રુતિ ન પામે પાર ૪
સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, સાર માંહે સાર;
તત્ત્વ માંહે તત્ત્વ ત્રિભુવન, ભક્તનો આધાર. ૫

સર્વે અંગોઅંગ રસ ભર્યાં, રસભર્યા લોચન ચાર;
ચલણ-વલણે બોધવ્યા, હૃદે ભાવ અનેક પ્રકાર. ૬
મુખ સુગંધે મોહ્યા અલિ સકલ તે, આવી કરે રે ગુંજાર;
સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશયનો પરિહાર. ૭
નામ-વ્યાજે પ્રગટ કીધો, મુક્તિ શત્રુકાર;
ભુજ-દંડ પરસે ભય હર્યા, એવા નાથ અમિત ઉદાર. ૮
સ્વ સ્વરૂપ-અર્થે પ્રોજિઝયા, કૃત હુતા જે સંસાર;
રાજ-કાજે જોડીયા જન, ઉચ્ચાવચ નર નાર. ૯
આગળ અંશે પ્રગટીયા તે, ગ્રંથ કહ્યાં બહુ વાર;
શ્રી યશોદા-ઉત્સંગ-લાલિત, પૂરણ અતિ સુકુમાર. ૧૦
અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર;
ગિરિરાજ ધરનો તાપ ટાળ્યો, શ્રી લક્ષ્મણ સુત નિરધાર. ૧૧
પોતે તે પ્રગટ પોતા તણો, રસ તણો કર્યો રે ઉચ્ચાર;
પોતે અંગોઅંગ સુખદ શોભા, સદન અંગીકાર. ૧૨
સ્કંધ સંખ્યાએ કહ્યાં પદ, શ્રી ભાગવત રસરાજ;
ભક્ત જન-પદરજ પ્રતાપે, સકલ સરિયાં કાજ. ૧૩

## શ્રી વલ્લભાખ્યાન - પાંચમું

(રાગ-સામેરી)

શ્રી વિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નર નારી;
દુર્ગતિ સકલ નિવારી, પ્રગટ્યા શ્રી વ્રજપતિ રાસ વિહારી. ૧
માયિક-મત જેણે ખંડ્યો, ભક્તિ મારગ જેણે બહુ પેરે મંડયો;
ઉત્પથજન સર્વે દંડયો, મૂરખ હેતુ કુશબ્દ વિતંડ્યો. ૨
વદન-સુધાકર- જોતે, વચન સરસ રાસ ઉધોતે;
નવ જલ ઘન-વપુ પોતે, ભક્તિ સરસ કીધાં પ્રભુ હોતે. ૩

ભક્તિ પક્ષ દૃઢ કીધો, વચન સુધા રસ જન શ્રુતિ પીધો;
અર્થ સકલ તેનો સીધો, તે લીલા માંહે તાણીને લીધો. ૪

**ઢાળ**

જે લીલામાં અંગીકાર કરિયો રે,
તેનો સકલ તાપ નિસ્તરિયો રે;
જેને શ્રી વિઠ્ઠલનાથ વિચારે રે,
તેને પ્રગટ પદારથ ચારે રે. ૫
ઉપરાંત ભજન ફલ આપે રે,
વ્રજ મંડલ સ્થિર કીર સ્થાપે રે;
તેને દેવ મુનિ સર્વે ગાયે રે,
તે તો સર્વ ઉપરાંત સુહાયે રે. ૬
તેને કાલ-કર્મ નવ બાધે રે,
યમ તે શિર ધનુષ ન સાંધે રે;
એવો માર્ગ શ્રી વલ્લભ વરનો રે,
જયાં નહિ પ્રવેશ વિધિ-હરનો રે. ૭
જયાં નિત્ય રાસ બહુ પેરે રે,
મધ્ય નાયક નિરતત ઘેરે રે;
જયાં રત્ન જડિત તટ સરિતારે,
નવ પલ્લવ ભૂમિ હરિતા રે. - ૮
જયાં રત્ન ધાતુ ગિરિરાજે રે,
વાજિંત્ર વિવિધ પેરે વાજે રે;
જયાં યુવતી યૂથ બહુ માંયે રે,
શ્રીજી-શ્યામલ વર્ણ સુહાયે રે. ૯

એણી પરે શ્રી ગુંસાઇજીને જાણો રે,

જાણી અહર્નિશ ગાઇ વખાણો રે;

જે જીવ જાતિ હોય કોઇ રે,

તેને તત્ ક્ષણ સર્વે સુખ હોય રે. ૧૦

સેવક જન 'દાસ' તમારો રે,

તેનો રૂપ વિયોગ નિવારો રે. ૧૧

## શ્રી વલ્લભાખ્યાન - છઠ્ઠું

(રાગ-પરજ)

સગુણ સ્નેહી શામળા વ્હાલા, અહર્નિશ દર્શન આપો જી;
પરમ સુખ દેવોને કાજે, વ્રજમંડલ સ્થિર કરી સ્થાપો જી. ૧
શ્રી વલ્લભ કુંવર કોડામણા, તમારું નામ નિરંતર લીજે જી;
રૂપ સુધા રસ માધુરી તે, લોચન ભરી ભરી પીજે જી. ૨
તે પદ કયારે દેખશું, જે ગોધન પૂંઠે ધાયે જી;
વ્રજ સુંદરી મુખ સુખ પામીને, વારંવાર અઘાયે જી. ૩
દિવસે સર્વ શ્યામા મળી, રસરૂપ તણો જશ ગાયે જી;
ગોપ મંડલી મધ્ય દેખીને, વારંવાર સુખ થાયે જી. ૪
વાસર નિર્વાહ એમ કરે, સખી સાયંકાળે પેખે જી;
અલક મુખ ખુર રજ લાગી તે, કમલ ભ્રમર વિશેખે જી. ૫
ગોપ બાલક મંડલી મધ્ય, રંગ અનેક ઉપજાવે જી;
મત્ત ગજગતિ મલપતા તે, શ્રી ગોકુલમાં આવે જી. ૬
લોચન-ભૃંગ પીયે ઘણું તે, પ્રગટ મુખ મુકરંદ જી;
કમલ પત્ર શી આંખડી તે,જોઇ જોઇ ટાળ્યો દ્વંદ્વ જી. ૭

જોતાં તૃપ્તિ ન ઉપજે, પ્રભુ અધર-સુધારસ પાયે જી;
ભુજલતા ભીડી ભામિની, ત્યારે દીવસ તાપ બુઝાયે જી. ૮
પૂરણ સુખ દઇ ગોષ્ઠમાં, પ્રભુ આઘેરા પાંઉં ધારે જી;
યશોદાજી લે ભામણાં સુતને, રાઇ લૂણ ઉતારે જી. ૯
વસ્ત્રાંચલ મુખ રજ પોંછીને રૂપ સકલ નિહાળે જી;
ઊભી થાય રોમાવલી કર, કોમળ અંગ સંભાળે જી. ૧૦
કરી પેરે પેરે વારણાં સુતને, સદનમાં પધરાવે જી;
સુંદરી ગૃહ કારજ મિષે વળી, નિરખવાને આવે જી. ૧૧
ઉષ્ણોદક સોંધો ભેળીને, અંગ અંઘોળ કરાવે જી;
અંગ વસ્ત્ર કરી સ્વચ્છ વપુને, પાછે તેલ લગાવે જી. ૧૨
અનેક સુગંધ વસન ને ભૂષણ, ફૂલ અંબોડે ફાવે જી;
ઠણ ઠણતો વ્હાલો લાડકડો, તે ભોજન શાળાએ આવેજી. ૧૩
રાધા અધર-સુધા વિના પિયુને, બીજું તે કાંઇ નવ ભાવેજી;
પ્રાત: પધારે ને નિશાએ આવે વ્હાલો, પ્રીતિ નવી ઉપજાવેજી. ૧૪
માતાનું મન રંજવા વ્હાલો, આરોગ્યા બહુ સ્વાદે જી;
સુગંધ બીડી કર ધરીને, ઉઠયા નૂપુરને નાદે જી. ૧૫
સકલવ્રજમાં પોઢિયા વ્હાલો, વિવિધ રસ સુખ દાન જી;
એ લીલા મારે મન વસો, જે ભક્ત માગે માન જી. ૧૬
શ્રી વિઠ્ઠલ દ્વિજ રૂપ તમારી, લીલા એણી પેરે ઝાઝી જી;
ઓળવ્યે કેમ ચાલશે, જે પ્રીત અમશું બાઝી જી. ૧૭

# શ્રી વલ્લભાખ્યાન - સાતમું

(રાગ-સામેરી)

આપ સેવા કરી શીખવે શ્રી હરિ,
ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો;
આપની લીલા તે વદન પોતે કહી,
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો. ૧
વેદ દધિ મદ્ય નવનીત જે ભજન રસ,
મથિત માધુરી જીવે શ્રવણ પીધો;
તક્ર સમ કર્મ-પથ સ્નેહ-રસ-હીન જે,
શ્વેત જાણી વિમુખ તાણી લીધો. ૨
એ ચરણ શરણ વિના લોક દશ ચારમાં,
કહોને કોનો કાંઇ અર્થ સીધો ?
શું કહું ચતુર થઇ થઇ અને વિસ્તરે,
ભજે નહિ પશુ જેમ વિષય કીધો. ૩
બોલ વલ્લભ સુવન વિમલ વાણી,
જેની ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી;
ગૂઢ રસ તત્ત્વ જે વેદની વાણી તે,
પ્રગટ કીધી ભક્ત હેત જાણી. ૪
નંદ નંદન રૂપે 'રાસ લીલા' કરી,
પોતે ન ઉચ્ચરી છાની રાખી;
દિવસ એકાદની ઉત્તરા કુંવર પ્રતિ,
વ્યાસનંદન વિમલ વદન ભાખી. ૫

બ્રહ્માદિ મહામુનિ અતિ જ્ઞાન પારંગતા,
તે મધુ સિંધુનિ કહિયે માખી;
ન કોઈ હુવો, ન હોય એ રૂપ સમ,
તેહના સકલ નિજ નિગમ સાખી. ૬
એ પ્રભુ રસ પુંજ તે ભુમિ પર રુચિ કરી,
ભાગ્ય હીન જીવ જેણે કણિકા ન ચાખી;
તેને દેવ ઉપર રહ્યાં ધિક્કાર બોલે,
મંદમતિ કહી અને નિંદા દાખી. ૭
વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે,
શ્રી વલ્લભ કુંવરની ટહેલ કરવા;
ઘોષથી વેગે પાંઉ ધારિયા ગિરિ ભણી,
શ્રી ગિરિરાજ ધરણનો તાપ હરવા. ૮
ફૂલ ફેંટે ભર્યાં વસન વાઘા તણાં,
વિવિધ ભૂષણ તે અંગ ધરવા;
તુરંગ ચાલે વાયુ વેગે ઉતાવળો,
જાણે નૌકા ચાલી સિંધુ તરવા. ૯
દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો,
નિરાંજન મિષે રૂપ હૃદય ધરવા;
જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું,
'શ્રી વિઠ્ઠલ નાથ ' એવા ઉચ્ચરવા. ૧૦
રૂપ બેઉ એક તે ભિન્ન થઇ વિસ્તરે,
વિવિધ લીલા કરે ભજન સાર;
વિવિધ વચનાવલી નયન સેને કરી,
સંજ્ઞા સૂચવે નિશિ વિહાર. ૧૧

રત્ન મુક્તાવલી પાટ સુત્રે કરી,
ગલસરી શોભિતા કરે શૃંગાર;
વિવિધ કુસુમા-વલી ગ્રથિત હાથે કરી,
એક એકને કંઠે આરોપે હાર. ૧૨
વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન્ન રસ,
રસ મસ્યા અર્પે તે બહુ પ્રકાર;
વિવિધ બીડાં, સુગંધ, કર્પુર, એલચી,
લવીંગ-પુંગી અને ખેરસાર. ૧૩
વ્યજન શીતલ વાયુ, મુકુર કર-કમલ-ધરી,
દેખાડતાં મોહે સકલ સંસાર;
એહ સેવા રસ પ્રગટ પોતે કરી,
નિજ સેવક તણી કીધી સાર. ૧૪
એ અહર્નિશ ધ્યાન શ્રી વિઠ્ઠલાધીશનું,
સકલ કલિ મલ દુરિત કોટિ ક્ષાલે;
એ પ્રભુ ભુવિ પ્રગટ વિપ્ર વર તનુ ધરી,
દીઠડે ત્રિભુવન તણાં ચિત્ત ચાલે. ૧૫
જાલરંધ્રે સખી જાણે ચિત્રે લખી,
વાંછિતા નાથની છબિ નિહાળે;
કમલ, ખંજન, મીન, મધુપ જયાં ત્યાં થકાં,
વક્ર લોચન પાંત પાછાં વાળે. ૧૬
હાવ ભાવાદિક કોટિ-કોટિ કરે,
મદન-જ્વર વ્યથા તે વેગે ટાળે;
દાસનો 'દાસ' ભણે, સકલ સજ્જન સુણે,
શ્રી વિઠ્ઠલ આપનું બિરદ પાળે. ૧૭

# શ્રી વલ્લભાખ્યાન - આઠમું

(રાગ-ધનાશ્રી)

લલિત મનોહર, શ્રી વલ્લભ સુવન સુજાણ;
નખશિખ સુંદર, વ્રજ જન જીવન પ્રાણ. ૧
વદન કાંતિ જાણે, ઉદયા કોટિક ભાણ;
દ્વિજ કુલ મંડન, પ્રગટ્યા પુરૂષ પ્રમાણ. ૨
નામ નિરૂપમ ઉચ્ચરે સકલ કલ્યાણ;
તેના સાખી, ચારે વેદ-પુરાણ. ૩
અસુર હણેવા, બ્રહ્મવાદ-કરપાણ;
ભક્તિ કરે સૌ, વાજંતે રે નિશાણ. ૪
વૈષ્ણવ જનને આપે પદ - નિર્વાણ;
મારગ મુક્તો, કોઇ ન માગે દાણ. ૫
ચરણ ચાખડી, વંદે રાણો-રાણ;
સરસ થયા જે, હુતા પ્રેત-પાષાણ. ૬
હતિત-પતિતનું, જુઓ તમે પ્રગટ એંધાણ;
શેષ સહસ્ત્ર મુખ, ઉચ્ચરે જેનાં વખાણ. ૭
ચૌદ લોકમાં વર્તે જેની આણ;
ત્રાસ તિમિરનું, જાણે સકલ વિહાણ. ૮
અધર્મ સકલનું, પેરે પેરે કીધું વિત્રાણ;
ધર્મ સકલનું, પ્રભુજીએ કીધું ત્રાણ. ૯
સન્મુખ કીધા, જે હુતા ભ્રષ્ટ અજાણ;
નિર્ભય કીધા, શિર પર ધરી નિજ પાણ. ૧૦
નિગમ તત્ત્વ રસ, યશ ભર્યાં અમૃત સંધાન;
રૂપ સુંદરતા શું કહું ? નહિ કો' એ સમાન. ૧૧

કૃપા કરી હરિ, રાખી બહુ વિધ કા'ન;
સેવક-જનને, રાખી લ્યો એ લ્હાણ. ૧૨

**ઢાળ**

એવા તે ગુણ નિધિ નાથ ગાતાં, બ્રહ્મ હત્યાદિક અઘ ટળે;
લીલા તે લહરી સિંધુ ઝીલે, રાસ-રસિકને જઈ મળે. ૧૩
નિ:સાધન જન હિત કરવા, શ્રીનાથ-વિઠ્ઠલ આવિયા;
વ્રજમાં તે હીંડે મલપતા તે, વ્રજ સખી મન ભાવિયા. ૧૪
કમલ નેણે ને અમૃત વેણે, વાક્ય માધુરી રેડતા;
વેદ-ધ્વનિ મિષ હસ્ત ચલણે, શોભે સૌને તેડતા. ૧૫
ભાંતિ-ભાંતિ લીલા કરે પ્રભુ, સાતે સ્વરૂપ સોહામણાં;
એક એકથી અધિક શોભા, વ્રજ સખી લે ભામણાં. ૧૬
પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં;
ઉત્સાહ આનંદ અધિક વાધ્યો, કુસુમ વરખે હરખતાં. ૧૭
રંગે તે રમતા રસભર્યા, પ્રભુ ઘોષમાં લીલા કરે;
અધિક-અધિક પ્રતાપ પૂરણ, યશ દશો દિશ વિસ્તરે. ૧૮
અંત:પુર લીલા કરે પ્રભુ, સકલ જન સંતોષતા;
જાણે તે મત્ત માતંગ છૂટયા, નૂપુરને નિર્ઘોષતા. ૧૯
હાર-કંકણ-કર્ણ ભૂષણ, નાદ નાના હીંડતાં;
ગાન ગાયે ને સ્વર સુહાયે, 'શ્રીનવનીત પ્રિયાજીને' પોઢતાં. ૨૦
સંધ્યા સમે શૃંગાર નૌતન, ફૂલ ગૂંથે સૌ મળી;
સદન-શોભા નિરખતાં તે, લક્ષ્મી મન પામ્યાં રળી. ૨૧
વાસ વાંછે વ્રજ વસેવા, એણી પેરે સુખ પામવા;
શ્રી પુરૂષોત્તમ ઉત્તમ વરને, સમય જોઈ શિર નામવા. ૨૨

પ્રતિ સદન શોભા અતિ ઘણી, ભણી વેદ વદને ન જાય;
મકરંદ-માતા ભ્રમર ગુંજે, પક્ષી-નાદ સોહાય. ૨૩
લીલાને અનુસર કલરવ, કૂજતા દ્વિજ શોભતા;
સ્વ સ્વભાવ ત્યાગી, ધ્યાન રાગી, કોઈક ભાવે લોભતા. ૨૪
સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુયશ પ્રકાર;
રસિકજન સૌ સંગ મલીને, કરે તે ઉચ્ચાર. ૨૫
એણી પેરે લીલા કરે, શ્રી વલ્લભ રાજકુમાર;
ભક્ત જનના કોડ પૂરો, આપો ચરણ-વિહાર. ૨૬

## શ્રી વલ્લભાખ્યાન - નવમું

(રાગ- બિભાસ)

નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે,
શ્રી વલ્લભનો પરિવાર રે રસના;
શ્રી પુરૂષોત્તમ પ્રગટિયા
જગતનો કરવા ઉદ્ધાર રે રસના. ૧
કલિમાં કારણ એહ છે,
બીજું સર્વે ભૂમિનો ભાર રે રસના;
એ વિના બીજું સર્વે બાદલું,
ચૌદ લોકનો શણગાર રે રસના. ૨
'ગોપી નાથજી' સોહામણા,
નવજલ ઘન તનુ ભાણ રે રસના;
સુખદાતા લઘુ ભ્રાતનાં,
પૂરણ પુરૂષ પ્રમાણ રે રસના. ૩

કમલ લોચન કરૂણા ભર્યાં,
'શ્રી વિઠ્ઠલ' સુખ-રાશ રે રસના;
દીઠડે તાપ ત્રિવિધ ટળે,
સ્મરણ માત્ર અઘ નાશ રે રસના. ૪
'શ્રી ગિરિધર' નર ભૂષણ,
ભ્રાત સકલ ધુરિધાર રે રસના;
વક્તા વેદ-શાસ્ત્ર તણા,
'શ્રી ભામિનીજી' ભરથાર રે રસના. ૫
'શ્રી ગોવિંદજી' આનંદ મય,
ધર્મ સકલનું ધામ રે રસના;
'શ્રી રાણીજી' રંજન રૂડલા,
ભક્ત સકલ વિશ્રામ રે રસના. ૬
'શ્રી બાલકૃષ્ણજી' બાલુવા,
સુંદર ભીનલે વાન રે રસના;
કમલ-લોચન 'કમલા' - પતિ,
છબિ નહિ કો' એ સમાન રે રસના. ૭
'શ્રી ગોકુલ પતિ' અતિ ગુણ નિધિ,
તાત તણો પ્રતિબિંબ રે રસના;
'શ્રી પારવતી' પતિ પ્રેમશું,
શોભા સકલ કુટુંબ રે રસના. ૮
'શ્રી રઘુપતિ' અતિ ગજ ગતિ,
રતિ-પતિ કરું બલિહાર રે રસના,
'શ્રી જાનકી' જીવન એ સદા,
મદચ મણિ રત્નમય હાર રે રસના. ૯

'શ્રી યદુપતિ' જીવન જગતના,
સદા મન પ્રસન્ન ઉલ્લાસ રે રસના;
નાહ તે 'શ્રી મહારાણી' તણા,
મુખ માધુરી વિલાસ રે રસના. ૧૦
'શ્રી ઘનશ્યામજી' સિંચે સુધા,
જીવન સકલ બ્રહ્માંડ રે રસના;
નાહ તે 'શ્રી કૃષ્ણાવતી' તણા,
લીલા નિત્ય અખંડ રે રસના. ૧૧
શ્રી લક્ષ્મી-સત્યભામા બેહુ,
અગ્રજની અનુહાર રે રસના;
શ્રી નવનીત પ્રિયાજીને રીઝવ્યા,
સેવ્યા વિવિધ પ્રકાર રે રસના. ૧૨
શોભા, યમુના, કમલા, દેવકા,
જેને સાત બાંધવ સૌભાગ્ય રે રસના;
એહુના ચરણ-સ્મરણ કરી,
શ્રી વિઠ્ઠલ પદ-રજ-રતિ માગ્ય રે રસના. ૧૩
પુત્ર-પૌત્રાદિક સુખ શું કહું,
જો તું મુખમાં હે એક રે રસના;
શ્રી વિઠ્ઠલ-કલ્પ દ્રુમ ફળ્યો,
તેની શાખા પ્રસરી અનેક રે રસના. ૧૪